ગાંધીનગર સમાચાર



# શૈક્ષણિક સત્રના આરંભ પૂર્વે ખરીદીનો માહોલ

## શહેરના બજારોમાં અવનવી સ્કૂલ બેગ-વોટર બોટલનું આગમન : નાના બાળકોમાં છોટાભીમ, એવેન્જર, ડોરેમોન, મોટું પતલુની બેગ હોટ ફેવરીટ





ગાંધીનગર, તા.૨૭

શાળા કોલેજનું સત્ર શરુ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના બજારોમાં સ્કુલબેગ, વોટર બેગ, લંચ બોક્સ સહિત અભ્યાસકીય પ્રવૃતિને લગતી જરુરી ચીજવસ્તુઓનું બજારમાં આગમન થઈ ગયું છે. બજારોમાં વાલીઓ પોતાના વ્હાલસોયા બાળકો માટે અવનવી બેગ ખરીદતા નજરે પડે છે. ટ્રેન્ડ બદલાતા આ વર્ષે પ્લાસ્ટીકની જગ્યાએ સ્ટીલની વોટરબેગ અને લંચ બોક્સ વધુ જોવા મળે છે. જયારે માર્કેટમાં રૂ. ૫૦૦ થી ૧૫૦૦ સુધીની બેગ ઉપલબ્ધ છે. બજારમાં સૌથી વધુ બેગ રૂ. ૫૦૦ થી ૧૦૦૦ ની રેંન્જની વેચાય છે. જયારે નાના બાળકો માટે મોટું પતલું, છોટાભીમ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ

## બપોરે ૨ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાણી શકાશે જિલ્લામાંથી ૧૩૮૦૦ વિદ્યાર્થીઓએ બોર્ડની પરિક્ષા આપી હતી

ગાંધીનગર તા ૨૭

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવશે. જિલ્લામાંથી ૧૩૮૦૦ વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરિક્ષા આપી હતી. આજે બપોરે ૨ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવશે. ગત વર્ષે સામાન્ય પ્રવાહનુ પરિણામ ૬૧ ટકા આવ્યુ હતુ.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયા બાદ ગત તા ૨૪ મેં ના રોજ ધોરણ ૧૦ નુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જયારે હવે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડના પરિક્ષા સચિવના જણાંવ્યા મુજબ એચ એસ સી સામાન્ય પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાં પરિક્ષાનુ આજે બપોરે ૨ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડની વેબસાઈટ (1) www.gseb.org, (2) www.gipl.net પરથી પરિણામ જાહેર કરાશે. વિદ્યાર્થીઓ એસ એમ એસ પધ્ધતિથી પણ પરિણામ જાણી શકશે.

જિલ્લામાંથી ૧૩૮૦૦ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષા આપી હતી. ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયા બાદ સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ આજે જાહેર થવાનુ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજનાનુ મોજુ પ્રવર્તયુ છે. ગત વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લાનુ સામાન્ય પ્રવાહનુ પરિણામ ૬૧ ટકા આવ્યુ હતુ.

# શહેરી વિસ્તારના ગામોમાં બે કરોડના ખર્ચે ગટરલાઈન નંખાશે

## ગટર લાઇનની અધુરી કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ : વર્ષના અંતે કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ૫ ગામોમાં ગટર લાઇનનુ અધુરુ કામ પુર્ણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ થશે. આ કામને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં કામ શરૂ કરવામાં આવશે. વર્ષાના અંતે ગ્રામ્ય વિસ્તારમાં ગટર લાઇનની અધુરી કામગીરીનુ ઠેકાણુ પડશે અગાઉ એજન્સી દ્વારા કામ અધુરુ છોડી દેવાતા ગ્રામજનો લાંબા સમયથી હાલાકી વેઠી રહયા છે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા, બોરીજ, ઈન્દ્રોડા, બાસણ અને પાલજ ગામમાં અગાઉ ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ટોપોગ્રાફીની દ્રષ્ટીએ આ કામ કરવાનુ મુશ્કેલ હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. ત્યારે જવાબદાર એજન્સીએ પણ આ કામ અધુરુ છોડી દેતા ગ્રામજનોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારબાદ અનેકવાર ગામના અગ્રણીઓ દ્વારા તંત્ર સમક્ષ અધુરી કામગીરી પુર્ણ કરવા માટે રજુઆત કરવામાં આવી હતી. ગટર લાઈનનુ કામ અધુરુ હોવાથી ગામોમાં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઇ હતી. ગટર લાઈનની કામગીરી દરમિયાન ખોદકામના લીધે ગામના રસ્તાઓને પણ નુકશાન થયુ હતુ.

જયારે વર્ષાના અંતે વિભાગ દ્વારા શહેરી વિસ્તારના પાંચ ગામોમાં ગટર લાઈનના અધુરા કામને હાથ ધરવાનો નિર્ણય લેવાતા ગ્રામજનોને ગટર લાઈનની પુર્ણ સુવિધા મળશે. આ કામગીરી પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ થશે. ગટરલાઈનના કામ માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે વિભાગ કક્ષાએથી ટુંકમાં ટેન્ડર આખરી થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# સેક્ટર-૯ અને ૨૦માંથી ૨૨ સ્થાનો પર ડેન્ગ્યુના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના આજે વધુ ૨૦ જેટલા સ્થાનોએથી મળતાં વાહકજન્ય રોગચાળાનો ભય લોકોમાં ઉભો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુ માટે સંવેદનશીલ શહેરની યાદીમાં મુકાયેલ ગાંધીનગરમાં પ્રિ-મોન્શુન એક્ટીવીટીના ભાગરૂપે મેલેરિયા તંત્રએ હાથ ધરેલ પાત્ર ચકાસણી ઝુંબેશ અંતર્ગત આજે સે. ૯, ૨૦ અને મંત્રીશ્રીઓના નિવાસસ્થાન વિસ્તારમાં ચકાસણી હાથ ધરાઈ હતી.

ગત સિઝનમાં સે. ૯માંથી અને સે. ૨૦માંથી ડેન્ગ્યુના કેસો મળ્યા હતા એટલે તંત્રએ આ વખતે ગંભીરતાથી ચકાસણી હાથ ધરી હતી.

મળતી વિગતો પ્રમાણે ૧૨૬૩ મકાનોના કરાયેલા સર્વેક્ષણમાં ૨૫૯૬ જેટલા પાત્રોની ચકાસણી કરાઈ હતી જે પૈકી ૨૦ પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

તંત્રેએ આ વિસ્તારમાં તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી એન્ટી લારવેલની પણ કામગીરી હાથ ધરી હતી. સે. ૨૦માંથી ૨૦ જેટલા પાત્રોમાંથી પોરા મળ્યા હતા. સે. ૨૦માં અક્ષરધામ જેવુ પ્રસિદ્ધ યાત્રાધામ આવેલુ છે એટલે તંત્રએ કામગીરીને અત્યંત ગંભીરતાથી લી અને કોઈ જ કચાશ છોડી નહિ હોવાનું જાણવા મળેલ છે.

# વેરા વસુલી માટે મનપા ખાસ સોફ્ટવેર બનાવશે

## આઉટ સોર્સિંગ માટે બે ભાગમાં ટેન્ડર બહાર પડાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે વેરા વસુલીને ઓનલાઈન કરવા તેમજ બી.યુ. પરમિશન પણ ઓનલાઈન આપવા માટે એક ખાસ સોફ્ટવેર ડેવલપ કરશે. આ માટે રાજય સરકારમાંથી તકનીકી કર્મયોગીઓ પ્રતિ નિયુક્તીથી મેળવવા માટે કમિશનરશ્રીને સત્તા પણ આપવામાં આવી છે.

મનપાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ બાબત છેલ્લે દાખલ કરવામાં આવી હતી. વહીવટીતંત્રમાં પારદર્શિતા લાવવા માટે આજની બેઠકમાં આ મુદ્દે ચર્ચાઓ પણ થઈ હતી. આ બાબતને લઈ અલાયદુ સોફ્ટવેર ડેવલપ કરવુ જરૂરી છે. તેમજ ઈ.ગર્વનન્સ તરફ આગળ વધવુ પણ મહત્વનું હોવાથી આ માટે તકનીકી સ્ટાફનો અભાવ હોઈ કર્મચારીઓ સરકારમાંથી પ્રતિનિયુક્તી પર મેળવવા માટે કમિશનરને સત્તા આપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

આ બધી પ્રક્રિયામાં કદાચ ૬ થી ૧૨ માસ જેટલો સમય લાગશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકે મેનપાવર સપ્લાય માટેની એજન્સી નવેસરથી નિયત કરવા માટે ટેન્ડર જારી કરવાનો તેમજ આ ટેન્ડર કલેરીકલ સ્ટાફ માટે અલાયદુ અને સફાઈ કામદાર માટે અલાયદુ ટેન્ડર બહાર પાડવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર




નૃત્યમ્ - શહેરમાં પ્રાદૂર્ભાવ પામી રહેલ નૃત્યમ્ દ્વારા યોજાયેલ શાસ્ત્રીય નૃત્ય તાલીમ શિબિરના સમાપન પ્રસંગે તાલીમાર્થીઓની નૃત્યની અભિવ્યક્તિએ પ્રેક્ષકોની પ્રશંસા મેળવી હતી... ભરત નાટ્યમ આધારિત તાલીમ શિબિરમાં શહેરની બાળાઓએ ૧૫ દિવસ શાસ્ત્રીય નૃત્યની તાલીમ મેળવી હતી. બેટી બચાવો થીમ બેઈઝ નૃત્યની અભિવ્યક્તિએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

# સાણંદ મહિલા ઔદ્યોગિક વસાહતમાં ચકાસણી વિના જ પ્લોટોની ફાળવણી કરવાના નિર્ણયથી તંત્રમાં અચરજ !

## ત્રણ સમિતિઓની રચના કરાઈ પણ કેવી રીતે ફાળવણી કરવી તેની નીતિનો જ અભાવ ચર્ચાસ્પદ બન્યો

ગાંધીનગર, તા. ૨૭

રાજયની મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મહિલાઓ માટે અલાયદી બે જી.આઈ.ડી.સી. બનાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યા બાદ હવે સાણંદ જી.આઈ.ડી.સી.માં આ પ્લોટોની આડેધડ ફાળવણી કરવાનું નાટક જી.આઈ.ડી.સી.ના સત્તાવાળાઓ દ્વારા આચરવામાં આવતા હવે વધુ એક મુખ્યમંત્રીનું સ્વપ્ર રોળાઈ જશે.

મળતી વિગતો પ્રમાણે સાણંદ જી.આઈ.ડી.સી.માં સરકારની સૂચનાને પગલે ૫૦૦થી ૧ હજાર ચો.મી.ના પ્લોટ અલગ તારવવામાં આવ્યા હતા. આ માટેની અરજીઓ પણ માંગવામાં આવી અને તેને જોરદાર પ્રતિસાદ સાંપડ્યો હતો.

૯૦૦થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકોએ આ પ્લોટ મેળવવા માટે અરજી કરી; આવા ભારે પ્રતિસાદ પછી જી.આઈ.ડી.સી. સત્તાવાળાઓએ અરજીની પ્રાથમિક ચકાસણીમાં જ ૫૦૦ જેટલા અરજદારોની અરજીઓ નામંજૂર કરી દીધી.

આ પછી વધેલી ૩૫૦ થી ૪૦૦ જેટલી અરજીઓ પર પ્લોટની ફાળવણી અંગે ત્રણ-ત્રણ કમિટીઓની રચના કરી દેવાઈ. કઈ કમિટી કેટલા પ્લોટ ફાળવશે?, પ્લોટ ફાળવણીની ચકાસણીમાં કઈ બાબતો ધ્યાને લેવી ?, પ્લોટ ફાળવણી પછી કિંમત ક્યારે કેવી રીતે વસુલવામાં આવશે તેવી કોઈ પણ પ્રકારની માર્ગદર્શિકા વગર જ પ્લોટ ફાળવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં સૌ ચોંકી ઉઠ્યા છે.

આજે ગાંધીનગર ઉદ્યોગભવન ખાતેની જી.આઈ.ડી.સી. કચેરીમાં તો જાણે કોઈ મેળો ભરાયો હોય તેવી ભીડ જામી ગઈ. શું ઉદ્યોગ કરાશે; શું તે વાયેબલ છે કે નહિ ?, કેટલુ મૂડીરોકાણ થશે ?, કેટલી રોજગારી ઉભી થશે ?, તે બધાજ પ્રશ્નોના ઉત્તરો અધ્યાહારમાં છોડી દેવાયા અને બારોબાર પ્લોટોની ફાળવણીની દોડાદોડીમાં મહિલા ઉદ્યોગકારો અટવાઈ ગયા.

રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે વિલંબની નીતિ

● અનુસંધાન પાન-૭ પર

# વાહકજન્ય રોગચાળાને નાથવા કાર્યયોજના

## વાહકજન્ય રોગચાળાને અટકાવવા જિલ્લામાં પાંચ વેક્ટર કંટ્રોલ ટીમ બનશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વેક્ટર કંટ્રોલ ટીમોનું ગઠન કરી અને વાહકજન્ય રોગચાળાનું નિયંત્રણ કરવાની કાર્યયોજના જિલ્લા મેલેરિયા તંત્રએ તૈયાર કરી દીધી છે.

૧લી જૂનથી મેલેરિયા વિરોધી માસની ઉજવણી પણ સઘન રીતે કરવાની બાબતનો પણ આ કાર્યયોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લો મેલેરિયા સ્રે મુક્ત જિલ્લો બન્યો હોવાથી આ વેળાએ તદ્દન નવતર અભિગમ સાથેની કાર્ય યોજના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે. તંત્રના સૂત્રો કહે છે કે જિલ્લામાં જે રીતે મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાયો છે તેને ધ્યાને રાખી આ વખતે એન્ટી લારવેલની કામગીરી ઉપરાંત દર સપ્તાહે ગત વર્ષે જે ગામોમાંથી ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો મળ્યા હતા ત્યાં સર્વેલન્સ કરી લોક જાગૃતિ અભિયાન છેડવામાં આવશે.

જિલ્લામાં પાંચ વેક્ટર કંટ્રોલ ટીમોનું ગઠન કરવામાં આવનાર છે. આ ઉપરાંત કન્સ્ટ્રક્શન સાઈટો પર મજૂરોનું સ્ક્રીનીંગ કરવાની કામગારીનો આરંભ કરી દેવાયો છે એટલુ જ નહિ સાઈટ સંચાલકોને મચ્છરોની ઉત્પત્તિ અટકાવતા પગલાં લેવા માટેની સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

ગત વર્ષે ડેન્ગ્યુના કેસો જે સુઘડ, ઉવારસદ અને આદરજ મોટી પી.એચ.સી. વિસ્તારમાં જણાયા હતા ત્યાં સઘન સર્વેલન્સ તેમજ મલ્ટી પરપઝ સુપરવાઈઝર દ્વારા મોનીટરીંગ થાય અને લોક-જાગૃતિ અભિયાન પર પણ ભાર આ કાર્યયોજનામાં મુકવામાં આવ્યો છે.





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com